# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2023** **Evening : 7.50 to 8.00**
**Day : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણામાં આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા છે.
- લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં ગુજરાતના બધા જ 33 જીલ્લાઓમાં ઇવીએમ ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરીનો આરંભ થયો છે.
- મુખ્ય ચૂંટણી કમિશનરના વડપણ હેઠળની ચૂંટણી પંચની ટીમે તેલંગણા વિધાનસભાની આગામી ચૂંટણી માટેની પૂર્વ તૈયારીની સમીક્ષા આજે શરૂ કરી છે.
- કેન્દ્ર સરકારની ખાસ ધિરાણ યોજના હેઠળ કોઇમ્બતુરમાં સાડા ત્રણ હજાર કરોડ રૂપિયાની ધિરાણ સહાય લાભાર્થીઓને આજે આપવામાં આવી છે.
- ભૌતિક વિજ્ઞાન માટેનો ગૌરવપ્રદ નોબેલ પુરસ્કાર પિયરે એગોસ્ટિની, ફેરેન્ક ક્રોસ્ઝ અને એની એલ હુઇલિયરને સંયુક્ત રૂપે અપાશે.
- ચીનમાં રમાઈ રહેલા એશિયન ગેમ્સમાં ભારતે અત્યાર સુધી 15 સુવર્ણ, 26 રજત, અને 28 કાંસ્ય ચંદ્રક મળીને કુલ મેડલની સંખ્યા 69 જીતી લીધા છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## FINAL-PM-TELANGANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણામાં નિઝામાબાદથી આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા છે.

તેમણે મનોહરાબાદ અને સિદ્ધિપેટને જોડતી નવી રેલવે લાઇન અને ધર્માબાદ-મનોહરાબાદ અને મહબૂબનગર-કુર્નૂલ વચ્ચેના વિદ્યુતીકરણ પ્રોજેક્ટ સહિતની રેલ યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી. તેમણે પ્રધાનમંત્રીએ રામાગુંડમ ખાતે NTPCના તેલંગણા સુપર થર્મલ પાવર પ્રોજેક્ટના પ્રથમ તબક્કાના 800 મેગાવોટ યુનિટને પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ ઉપરાંત તેમણે 20 જિલ્લા મુખ્યાલયોમાં 'પ્રધાનમંત્રી આયુષ્માન ભારત સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન' હેઠળ 50 પથારીના ક્રિટિકલ કેર બ્લોક્સનો પણ શિલાન્યાસ કર્યો હતો.

આ પ્રસંગે ઉદબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું, પેડાપલ્લી ખાતેનો નવો પાવર પ્લાન્ટ દેશનો સૌથી આધુનિક પ્લાન્ટ છે અને તે ટૂંક સમયમાં બીજા તબક્કામાં બીજો પાવર પ્લાન્ટ સ્થપાશે.

. . . . . . . . . . . . . . . . .

## REV. CHHATTISGARH-PM PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તર ખાતે 26 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનો શિલાન્યાસ કર્યો છે.

તેમણે નાગરનાર ખાતેના એનએમડીસીના ગ્રીનફીલ્ડ સ્ટીલ પ્લાન્ટને દેશને સમર્પિત કર્યો હતો.

24 હજાર કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલ આ સ્ટીલ પ્લાન્ટ ઉચ્ચ ગુણવત્તાના સ્ટીલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. જગદાલપુર ખાતે પ્રધાનમંત્રીએ જગદાલપુર રેલવેસ્ટેશનના આધુનિકીકરણનું ભૂમિપૂજન કર્યું હતું. તથા અંતગઢથી તારોકી વચ્ચેના નવા રેલવેમાર્ગનું ઉદઘાટન કર્યું હતું. તેમણે જગદાલપુરથી દાંતેવાડા વચ્ચેના રેલમાર્ગને દ્રીમાર્ગી કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું તથા તારોકી અને રાયપુર વચ્ચેની ટ્રેનને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યુ હતું.

પ્રધાનમંત્રીએ કુંકુરી અને છત્તીસગઢથી ઝારખંડ વચ્ચેના નવનિર્મિત રાષ્ટ્રીય ધોરીમાર્ગનું લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . .

## EVM checking

આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં ગુજરાતના બધા જ 33 જીલ્લાઓમાં વિજાણુ મતદાન યંત્ર – ઇવીએમ – ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરીનો આરંભ થયો છે.

કેન્દ્રિય ચૂંટણીપંચના અધિકારીઓ તેમજ રાજયના મુખય ચૂંટણી અધિકારી અને જીલ્લા ચૂંટણી અધિકારીઓ, વેબ કાસ્ટીંગ દ્વારા

ઇવીએમ – ની પહેલા તબક્કાની ચકાસણી કામગીરી ઉપર નિરીક્ષણ કરશે.

ઇવીએમમાં કોઇ ખામી ન રહે તે માટે ભારત ઇલેક્ટ્રોનિકસ કંપનીના એન્જિનીયરો દ્વારા મતદાન યંત્રોની પ્રથમ તબક્કાની ચકાસણી હાથ ધરાય છે. આજથી શરૂ થયેલી ઇવીએમની ચકાસણીની કામગીરી અંદાજે એક મહિના સુધી ચાલશે. જેમાં આશરે 90 હજાર બેલેટ યુનિટ, 77 હજાર કંટ્રોલ યુનિટ અને 85 હજાર વીવીપીટી યુનિટની ચકાસણી કરાશે. આ ચકાસણીમાં યોગ્ય ઠરેલા ઇવીએમ નો ઉપયોગ ચૂંટણી દરમિયાન કરાશે. આ પ્રક્રિયા પારદર્શક રહે તે માટે ચૂંટણીપંચે ચૂંટણી તંત્રે બધા જ રાષ્ટ્રીય અને રાજયકક્ષાના માન્ય પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા રાજયભરના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા નાયબ ચૂંટણી અધિકારીઓ અને એફએલસી સુપરવાઇઝરને ઇવીએમની પહેલા તબક્કાની ચકાસણીની તાલીમ અપાઇ હતી.

. . . . . . . . . . . . . . . . . .

## HARYANA-ELECTROAL-PROCESS

હરિયાણાના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ અગ્રવાલે યુવા મતદારોને પ્રોત્સાહન આપવા ડ્રો ના આધારે ભેટ વસ્તુઓ આપવાની આગવી પહેલ હાથ ધરી છે. આ પહેલ અંતર્ગત પહેલી ઓક્ટોબર અને નવમી ડિસેમ્બરે  હરિયાણામાં નોંધાનાર નવા મતદારોને ડ્રો ના આધારે લેપટોપ, સ્માર્ટ ફોન, જેવી ભેટ વસ્તુઓ અપાશે.

આ ઉપરાંત આ સમયગાળામાં નોંધણી કરાવનાર નવા મતદારોને ટી શર્ટ પણ અપાશે. આજે ચંદીગઢમાં પત્રકાર પરિષદમાં મુખ્ય ચૂંટણી અધિકારીએ આ મુજબ જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

## HYDERABAD-ECI

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના વડપણ હેઠળની ચૂંટણી પંચની ટીમે તેલંગણા વિધાનસભાની  આગામી ચૂંટણી માટેની પૂર્વ તૈયારીની સમીક્ષા શરૂ કરી છે. ચૂંટણી પંચની ટીમે આજે બીજેપી, કોંગ્રેસ સહિત વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી.

છ રાષ્ટ્રીય અને ચાર પ્રાદેશિક પક્ષોના પ્રતિનિધિઓએ ચૂંટણી પંચને અલગ-અલગ બેઠકમાં રજૂઆતો કરી છે. ચૂંટણી પંચના સભ્યો આવતીકાલે જિલ્લા કલેક્ટરો અને પોલીસ વડાઓ સાથે મંત્રણા કરશે.

. . . . . . . . . . . . . . . . .

## CHENNAI-NIRMALA-SITHARAMAN

કેન્દ્ર સરકારની ખાસ ધિરાણ યોજના હેઠળ કોઇમ્બતુરમાં સાડા ત્રણ હજાર કરોડ રૂપિયાની ધિરાણ સહાય લાભાર્થીઓને આજે આપવામાં આવી છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ધિરાણ સહાય વિતરણ કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ધિરાણ સહાય માટે આકાંક્ષાવાળા જિલ્લાઓને અગ્રતા આપવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે ખેડૂતો અને ઉદ્યોગ સાહસિકોને સરકાર દ્વારા અપાતી સબસીડી અને ધિરાણ સહાય બાબતે લોકજાગૃતિ કેળવવામાં આવી રહી છે. નાણામંત્રીએ કહ્યું કે 23 હજાર 800 લાભાર્થીઓને છુટક ધિરાણ જ્યારે બે હજાર 900 થી વધુ લાભાર્થીઓને મુદ્રા યોજના હેઠળ ધિરાણ સહાય આપવામાં આવી છે. એવી જ રીતે કોઇમ્બતુરમાં અઢી હજાર સ્વસહાય જૂથોને પણ સહાય મળી છે.

સુશ્રી સીતારમણે જણાવ્યું કે અદના નાગરિકને લાભ થાય તે હેતુથી કેન્દ્ર સરકાર ઉપકર દ્વારા મળતી આવકને દેશભરની સહકારી મંડળીઓ માટે ઉપયોગમાં લે છે.

. . . . . . . . . . . . . . . . .

## NOBEL-PRIZE-PHYSICS

ભૌતિક વિજ્ઞાન માટેનો ગૌરવપ્રદ નોબેલ પુરસ્કાર પિયરે એગોસ્ટિની, ફેરેન્ક ક્રોસ્ઝ અને એની એલ હુઇલિયરને સંયુક્ત રૂપે અપાશે. સ્વીડનની રોયલ સ્વીડિશ એકેડમી ઓફ સાયન્સે આ જાહેરાત કરતાં જણાવ્યું છે કે ઇલેક્ટ્રોન ડાયનેમિક્સ ક્ષેત્રે પ્રકાશના એટોસેકન્ડ પલ્સેસના આગવા પ્રયોગ માટે સંબંધિતોને નોબેલ પુરસ્કાર અપાશે. આ પ્રયોગના આધારે પરમાણુમાં ઇલેક્ટ્રોમની ગતિને લગતા આધુનિક ઉપકરણો બનાવી શકાશે.

અમેરિકાના પિયરે એગોસ્ટિની, જર્મનીના ફેરેન્ક ક્રૂઝ અને સ્વીડનની એની એલ હુઇલિયરે પ્રકાશના નાના તરંગો કેવી રીતે ઉત્પન્ન કરી શકાય તે દર્શાવ્યું છે. નોબેલ પુરસ્કાર હેઠળ વૈજ્ઞાનિકોને સુવર્ણ ચંદ્રક, પ્રમાણપત્ર  અને આશરે આઠ કરોડ રૂપિયા રોકડ સ્વરૂપે આપવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . .

# REV.-EVE-ASIAN-GAMES

ચીનમાં રમાઈ રહેલી એશિયન ગેમ્સમાં ભારતે અત્યાર સુધી 15 સુવર્ણ, 26 રજત, અને 28 કાંસ્ય ચંદ્રક મળીને કુલ મેડલની સંખ્યા 69 જીતી લીધા છે. ભારતની અન્નુ રાણીએ ભાલાફેંકમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે. તેમણે ચોથા પ્રયત્નમાં 62.92 મીટર  નો થ્રો કર્યો હતો.  પુરુષોની ડેકાથલોનમાં તેજસ્વિન શંકરે રજત ચંદ્રક મેળવ્યો છે. ભારતના નરેન્દ્ર બેરવાલનો પુરુષોની 92 કિલો વજન જૂથની બોક્સિંગની સેમીફાઇનલમાં પરાજય થતાં તેમને કાંસ્ય ચંદ્રક મળ્યો છે.

પુરુષોની 800 મીટર દોડમાં મોહમ્મદ અફસલે રજતચંદ્રક જીત્યો. જ્યારે મહિલાઓની 400 મીટર હર્ડલ્સમાં, વિથ્યા રામરાજે અને પુરુષોની ટ્રિપલ જમ્પમાં ભારતના પ્રવીણ ચિત્રવેલે કાંસ્ય ચંદ્રક જીત્યા. મહિલાઓની 54 કિલો ગ્રામની  બોક્સિંગ સેમિફાઇનલમાં, પ્રીતિ પવારે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.. 75 કિગ્રા કેટેગરીમાં, બોક્સર લવલિના બોર્ગોહાઇન ફાઇનલમાં પ્રવેશી છે.  પુરુષોની નૌકાની ડબલ 1000 મીટરની સ્પર્ધામાં ભારતના અર્જુન સિંહ અને સુનિલ સિંહ સલામે બ્રોન્ઝ મેડલ જીત્યો

છે. હિરોશિમામાં 1994 એશિયન ગેમ્સ પછી એશિયન ગેમ્સના ઇતિહાસમાં ભારતનો આ બીજો નૌકા મેડલ છે.

મિશ્ર ડબલ્સ સ્ક્વોશ સ્પર્ધામાં, બે ભારતીય જોડી અનાહત સિંહ અને અભય સિંહેએ આજે સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાને હરાવ્યું. તો પુરુષ સિંગલ્સમાં સૌરવ ઘોસાલે જાપાનના સુકુને 3-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. તીરંદાજી સેમિફાઇનલમાં, અભિષેક વર્મા અને ઓજસ પ્રાવીણે તેમજ મહિલાઓમાં જ્યોતિ સુરેખા વેન્નમે ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

## IAF-VR-CHAUDHARI

ભારતીય હવાઇદળના વડા એ.આર.ચૌધરીએ જણાવ્યું છે કે સઘન દેખરેખ અને ગુપ્તચરોની મદદથી ભારત સરહદપારની પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યો છે. તેમણે દેશની સલામતી માટેની યોજનાને આગવી ગણાવીને કોઇ પણ મોરચા ઉપર ઉભી થતી પરિસ્થિતિના આધારે તેમાં ફેરફાર થઇ રહ્યો હોવાનું જણાવ્યું હતું.

આજે દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં હવાઇદળના વડાએ જણાવ્યું કે ભારતે માર્ક – 1 પ્રકારના 83 હળવા યુદ્ધ વિમાનો માટે સમજૂતી કરાર કર્યા છે. અને વધુ 97 વિમાનો ખરીદવા અંગે વિચારણા ચાલી રહી છે. એવી જ રીતે હવાઇદળ માટે 156 હળવા યુદ્ધ

હેલીકોપ્ટરો ખરીદવા અંગે ગયા વર્ષે સમજૂતી કરાર થયા છે. તેમણે કહ્યું કે ભારતીય હવાઇદળ માટે આશરે બે લાખ 50 હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિમાનો અને અન્ય સામગ્રીની ખરીદી કરાશે.

. . . . . . . . . . . . . . . . .

## REV.-MANDAVIYA--AYUSHMAN-BHAV

રાષ્ટ્રીય સ્તરે ગયા મહિનાથી હાથ ધરાયેલી આયુષ્માન ભવ ઝુંબેશ હેઠળ  આશરે 64 હજાર લોકોએ અંગદાન કરવાના શપથ લીધા છે.  ગત 17મી સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર દરમિયાન હાથ ધરાયેલા સેવા પખવાડા હેઠળ આ ઝુંબેશ અમલમાં મુકાઇ હતી.  કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ પણ અંગદાન માટે નોંધણી કરાવી છે.

શ્રી માંડવિયાએ આજે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં બે લાખ 70 હજારથી વધુ આરોગ્ય મેળાઓ યોજાયો છે, અને એક કરોડ 61 લાખથી વધુ લોકોએ તેનો લાભ લીધો છે. આયુષ્માન ભવ ઝુંબેશ હેઠળ આશરે 64 લાખ આયુષ્માન કાર્ડ અને એક કરોડથી વધારે આભા આઇડી કાર્ડ  અપાયા છે.

. . . . . . . . . . . . . . . . .

## BJP-WEST-BENGAL

ભાજપે આજે પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય ભંડોળમાં કથિત ગેરરીતિની સીબીઆઈ દ્વારા તપાસની માંગણી કરી છે. આજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા ભાજપના નેતા અને રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, સુવેન્દુ અધિકારીએ આરોપ લગાવ્યો કે મનરેગા યોજનાના ભંડોળમાં રાજ્ય સરકારના અધિકારીઓ હજારો કરોડ રૂપિયાની ગેરરીતિમાં સામેલ છે. તેમણે કહ્યું કે, બંગાળ સરકાર છ લાખ કરોડના દેવા હેઠળ છે અને રાજ્યમાં બે કરોડ બેરોજગાર યુવાનો છે. છેલ્લા 12 વર્ષમાં રાજ્યમાં એક પણ નવો ઉદ્યોગ, એરપોર્ટ, બંદર કંઈ જ સ્થપાયું નથી.

તેમણે રાજ્યને આપવામાં આવતા ભંડોળને રોકવા માટે કેન્દ્ર વિરુદ્ધ દિલ્લી ખાતે વિરોધ કરી રહેલા TMC નેતાઓ પર ખોટા અને બનાવટી અભિયાનમાં સામેલ થવાનો આરોપ મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . . .